| Volume 5
| Issue 1 (compiled)
| March 2023

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy
The International Journal
ISSN 2581-4354

# ફરઝ્દક અને તેમની મશહુર શાયરી: એક સાહિત્યિક વિશ્લેષણ

**Hasanali Roshanali Tharadara***

*Assistant Professor, Maktabah Jafariyah knowledge & Research Academy, Sedrana**

**સારસંક્ષેપ્ત :**
જનાબ ફરઝ્દક અલ તમીમી અરબી સાહિત્ય મા ગુજરી ચૂકેલા ઉચ્ચ તબક્કા ના એક શાયર છે. અને અરબી સાહિત્યમાં તેમની ઘણી બધી કુતીયો જોવા મળે છે. તેમની મોટા ભાગ ની કવિતાઓ હીજો / ફખ્ર / મદહ / રિસાઅ માં જોવા મળે છે. ફરઝ્દક શાયર એ ઘણા ખાનદાનોની તારીફ પણ કરી છે અને ઘણા ખાનદાનની હીજો પણ કરી છે. ફરઝ્દક શાયર ને ફસાહત અને બલાગત (સ્પષ્ટતા અને સુંદરતા) નું પણ ઈલ્મ હતું. એટલે જ કહેવામાં આવ્યું છે કે અગર ફરઝ્દક સાહેબનું અરબી સાહિત્યમાં જો સ્થાન જોવું હોઈ તો અરબી સાહિત્યમાંથી જનાબ ફરઝ્દક શાયર ની શાયરી ને કાઢી દેવામાં આવે તો લગભગ અરબી સાહિત્યનો ત્રીજો ભાગ ખાલી થઈ જાય. ફરઝ્દક શાયરએ ઈસ્લામ પર પણ શાયરી લખેલી છે. તેમના સમયમાં શાયરીના વડે જંગ થતો હતો હથિયાર ની જરૂર નોહોતી પડતી. અને એ સમયના પ્રખ્યાત શાયર જરીર જોડે એમનો મુકાબલો થતો હતો. જનાબ ફરઝ્દક અલ તમીમી ની કુતીઓ પરથી એ વાત પુરવાર થાય છે કે આપ એક શિઆ શાયર હતા. તો આવા અરબી સાહિત્ય ના મહાન શાયર જનાબ ફરઝ્દક એક સાહિત્ય વિશ્લેષણ છે જે એમની કુતીઓ પરથી આ સંશોધન પેપરમાં હુ સાબિત કરી રહ્યો છુ.
**ચાવી રૂપ શબ્દો :** હીજો / ફરઝ્દક / ઈમામ / મદહ / કવિતા.

**પ્રસ્તાવના :**

**ફરઝ્દક શાયર પર એક નઝર :**
પહેલા આપણે ફરઝ્દક વિષે જાણીએ અને પછી એમની શાયરીની તરફ નઝર કરીએ કે એમની શાયરીમાં શું જોવા મળે છે. ફરઝ્દક નું પૂરું નામ હમામ બિન ગાલીબ બિન સઅસઅહ અલ-મજાશઈ અલ-તમીમી હતુ. એમનુ ઉપનામ અબુ ફરાસ હતુ. જેમને ફરઝ્દકના નામથી પણ ઓળખવામા આવે છે. અને આ નામ એમના અસલ નામ પર વધારે લોક પ્રિય બની ગયુ. જો કે તમામ લોકો તેમને ‘હમામ’ ના નામથી નહિ પરંતુ ‘ફરઝ્દક’ ના નામથી ઓળખતા હતા. તેમનો જન્મ (ઈ.સ) ૬૪૧ અને (હિ.સ) ૨૦મા બસરાની અંદર થયો હતો અને તેમનુ નિધન (ઈ.સ) ૭૨૮-૭૩૦ અને (હિ.સ.) ૧૧૦-૧૧૨ મા થયું હતું. ફરઝ્દક લગબગ ૧૦૦ વર્ષ ની ઉમર સુધી જીવ્યા હતા.

તેમનો ઉછેર બાળપણમા તેમના પિતાના આશ્રય નીચે થયો હતો. તેમના ખાનદાન મા અદબ અને ફસાહત જેવા ગુણો જોવા મળતા હતા અને તે જ ગુણો તેમની અંદર એટલે કે) ફરઝ્દક (મા પણ જોવા મળતા હતા. તેમનો ચહેરો મોટો અને લોકોને પસંદ ન આવે તેવો હતો. પરંતુ તેમના અંદર ફસાહત અને બલાગત જેવા ગુણો જોવા મળતા હતા. અને તેમનું કદ નાનુ હતું તેમના પોષાક બાબતે ખુબ જ સારી રીતે ધ્યાન

રાખતા હતા. દાઢી અને મસ્તક પર મહેંદી લગાવતા હતા. તેઓ અરબી ઝબાનના જાણકાર હતા. તેમણે તેમના ખાનદાન પર ખુબ જ ગર્વ હતો અને તેના પર એમને એક શેર પણ લખ્યો છે કે જેમા તેમણે તેમના ખાનદાનનું વર્ણન કર્યું છે.

| | |
|---|---|
| و أنا ابن تميم الأغز و إنني | في آل ضبة للمعم المخول |
| فرعان قد بلغ السماء ذراهما | وإليها من كل خوف يعقل |

(Al-Isfahani)

**સમજુતી :**
(જનાબ ફરઝદક એ આ પંક્તિ મા પોતાના પરિવાર ના વખાણ અને પરિવારમાં એમના કાકા અને મામાનું વર્ણન કર્યું છે. એમના ઘર મા જે પણ માણસ દાખલ થઇ જાય તે શાંતિની સાથે રહી જાય છે. એમનો પરિવાર આસમાનની ઉંચાઈ સુધી પોંચેલો છે.)

શેર શાયરી મા તેમને અતિશય રસ હતો. શેર શાયરી ના ઈલ્મ ને અરબીમા 'ઈલ્મે ઉરુજ' કહેવામા આવે છે. જેના કારણે તેઓ શાયરીની અંદર મહારત હાસિલ કરી શક્યા .તેમને શાયરી નુ ઈલ્મ તેમના પિતા ધ્વારા મળ્યુ હતું. તેમને બચપણથી જ શાયરીમા ઊંડી રૂચી હોવાના કારણે તે તેમા ખુબ જ મહેનત કરી અને તે એ સમયના જાણીતા શાયર બની ગયા. અને તે ઉમવી દૌરના શાયર હતા. તે દૌર ની અંદર ખિલાફતનો રીતિ રીવાજ હતો. ફરઝદક તે સમયના મશહુર શાયરો પૈકેના એક હતા. અને એમના સમકાલીન શાયરો જેવા કે "જરીર", "તરમાહ", "ઉમર બિન રબીયા", "અખ્તલ"વગેરે હતા.

**ફરઝદક અને તેમની શાયરીની સમજુતી :**
તે સમયમાં તેમની શાયરી ખુબ જ લોકપ્રિય બની હતી. જેના પર ઘણુ સંશોધન પણ કરવામા આવ્યું છે. અરબી ભાષામાં એવુ કહેવાય છે કે,

**قيل لفرزدق كان عظيم الأثر في اللغة العربية، حتى (( لولا شعر الفرزدق لذهب ثلث لغة العرب)).** (Zayyat)

**અર્થાત:** "ફરઝદક વિષે એવું કેહવામાં આવે છે કે એમને અરબી ભાષા પર સારી પકડ હતી. એટલા સુધી કહેવમાં આવ્યું છે કે અગર ફરઝદકની શાયરી ને અરબી ઝબાનમાથી નીકાળી દેવા મા આવે તો અરબીનો ત્રીજો ભાગ ખલાસ થઈ જાય".

ફરઝદક શાયર ની ખાસિયત એ હતી કે જો કોઈ શાયરીને એક વાર વાંચી લે તો તેમને તે મોઢે યાદ થઈ જતી હતી. ફરઝદક ની શાયરીમા મદહ, હીજો, ગઝલ, રિસાઅ (શોગ), ઝોહદ અને ફખ્ર જોવા મળે છે. અગર એમના શાયરી મા ખુબસુરતીની વાત કરવામાં આવે તો ખુબ જ પ્રમાણ મા જોવા મળે છે. જે આપણે તેમની જ એક મશહુર શાયરી મા થી જ અંદાજ લગાવી શકીયે છીએ. એમની મશહુર શાયરી શિઆ કોમના ચોથા ઈમામ એવા હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) કે જેમનુ અસલ નામ ઈમામ અલી (અ.) બિન હુસૈન (અ.) બિન અલી (અ.) હતુ. એમની શાનમા ફરઝદક એ કવિતા લખી છે.

તેમની સરખામણી એ સમયના પ્રખ્યાત શાયર "જરીર" જોડે થતી હતી કેમ તે બન્નેની શાયરીમા એક અલગ જ

પ્રભાવ જોવા મળતો હતો. ફરઝદક અને જરીર બન્ને વચ્ચે શાયરી ની અંદર હીજો ધ્વારા જંગ થતી હતી. [હીજો નો અર્થ થાય (એક બીજા ની ટીકા ટીપ્પણી કરવી) તે સમય ના મશહુર ત્રણ શાયરો હતા કે જે હીજો ની અંદર માહિર હતા. "જરીર" , "ફરઝદક" અને "અખ્તલ" આ ત્રણ શાયરો ને ઉમય્યા ની ત્રિપુટી (triangle) માનવામાં આવે છે. કેમ કે તે ખુબજ મશહુર શાયરો હતા. અખ્તલ ને પૂછવામા આવ્યુ કે જરીર અને ફરઝદક મા સૌથી મોટો શાયર કોણ હતો તો અખ્તલ શાયર એ સાવચેતી રાખીને જવાબ આપ્યો કે "ફરઝદક પથ્થરમા થી કોતરીને (તરાશીને) વિષય કાઢતા હતા. જયારે જરીર પાણી ના ઝરણા માથી ખોબો ભરીને પાણી પીતો હતો". હીજો શાયરી નો રીવાજ લાંબા સમય સુધી ચાલતો રહ્યો. અખ્તલ શાયર ની જયારે નિધન થયુ ત્યારે ફરઝદક અને જરીર વચ્ચે શાયરીમા વધારે જંગ શુરુ થઈ ગયો. અને આ સિલસિલો ૧૦ વર્ષ સુધી ચાલતો રહ્યો એવુ કિતાબોની અંદર લખવામા આવ્યું છે. અને આ સિલસિલાને ખતમ કરનાર ફરઝદક શાયર હતા. એના પછી તેઓ આખરી દમ સુધી મોટા ભાગનો સમય ઈબાદત કરવામાં પસાર કરવા લાગ્યા.

**ફરઝદકની શાયરીના અમુક ઉદાહરણો.**

આ શાયરી એમની ખુબજ મશહુર થઈ છે. જે હર કાતીબો (કિતાબ લખનારા) એ લખેલી છે.અને આ કવિતાને Bachelor અને Master ના સાહિત્યમાં પણ દાખિલ કરવામાં આવેલી છે. એ કવિતાના બે અંશ હાલ જોઈએ જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| وَالبَـيتُ يَـعرِفُهُ وَالحِلُّ وَالحَرَمُ | هَذا الّذي تَعرِفُ البَطحاءُ وَطأَتَهُ |
| هَـذا ابْنُ خَيرِ عِبـــادِ اللهِ كُلّهِمُ | هَذا التَقِيُّ النَقِيُّ الطاهِرُ الـعَلَمُ |

**સમજુતી :**

(આ પંક્તિયો મા ફરઝદક હઝરત ઈમામ અલી ઝૈનુલ અબેદિન (અ.) ના વખાણ કરી રહ્યા છે. હઝરત ઈમામ ઝૈનુલ અબેદિન (અ.) શિઆઓ ના ચોથા ઈમામ છે. આપ સયૈદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન (અ.) ના દીકરા અને હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.) અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ના પૌત્ર અને હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) ના ચોથા જાનશીન છે. તો આવા મહાન ગુણો ધરાવનાર ઈમામ ની ઓળખાણ કરાવતા જનાબ ફરઝદક એ વલીદ ઈબ્ને અબ્દિલ મલિક ને આ પ્રમાણે કહે છે. કે આ એવા ઈમામ છે જેમના કદમમુબારક ના છાપથી રણ વાકેફ છે. એમને કાબા જેવું મુબારક ઘર પણ ઓળખે છે. તેઓ તમામ ઈન્સાનોમાં મશહુર , પર્હેઝગાર , પાક અને માસુમ છે.)

અને એક હીજો ઈબ્લીસ શયતાન પર પણ કરી છે જે નીચે મુજબ છે.

| |
|---|
| أطعتك يا إبليس سبعين حجة |
| فلـما انتهى شيبي وتم تمامي |
| فررت إلى ربي و أيقنت أنني |
| مـلاق لأيام الـمنون حمامي |

(Islamic Literature Association)

**સમજુતી :**

(જનાબ ફરઝદક એ ઈબ્લીસ શયતાન કે જેને મર્દુદ પણ કહેવાય છે. તો એના વિષે પણ હીજો કરતી એક કવિતા લખી છે જેમાં થી મે ચાર પંક્તિઓ અહી દર્શાવી છે. જનાબ ફઝર્દક આ પંક્તિઓમાં પોતાની જાતને એવું કહેવા માગે છે કે, શયતાન જે ફસાદનુ ઘર છે એ શયતાન જે બધાને બેહ્‌કાવતો હોઈ છે. પરંતુ મે એના પર હીજો કરતી આ પંક્તિયો લખી અને આપણ બધા જ લોકો ને મૌત આવાનું છે અને અલ્લાહ તરફ પાછા ફરવાનુ છે.)

**ફરઝદક શાયરનો ધર્મ:**

એક દિવસ 'જંગે જમલ' પછી ફરઝદકના પિતા હઝરત ઈમામ અલી (અ.) ની પાસે આવ્યા અને કહ્યું કે મારા દીકરાને શાયરીમા ખુબ જ વધારે શોખ છે અને તેને ઘણા ખરા અશઆર મોઢે પણ આવડે છે. જો આપ રજા આપતા હો તો હું તેને પઢવાનું કહું. તો ઈમામ અલી (અ.) એ કહ્યું કે શેર પઢવા કરતા કૂરઆનની કિરઅત કરવી એ વધારે સારી બાબત છે. ઈમામ અલી (અ.)ની આવાત થી ફરઝદક ખુબજ પ્રભાવિત થયા અને તેમના દિલ પર ઊંડી અસર કરી ગઈ તેઓ ઈમામ અલી (અ.) ની સાથે મુલાકાત કરી અને ઈમામ અલી(અ.)ની સલાહના કારણે કુરઆનને યાદ કઈ રીતે રાખવુ તે શીખ્યા. નીચે ની વાતો થી એવુ સાબિત થાય છે કે ફરઝદક શિઆ શાયર તરીકે ઓળખાતા હતા. ઈબ્ને મુલજીમની ટીકામા શાયરીઓ રચવી, કુફા શહેરમા જવુ કે જે શિઆ ઓનું કેન્દ્ર હતુ, ઈમામ હુસૈન (અ.) કે જેઓ ઈમામ અલી (અ.)ના વંશજ છે તેમની સાથે કુફાની યાત્રામા મુલાકાત કરવી અને તેમના માટે સ્તુતિઓ લખવી,સૌથી અગત્યની વાત એ કે હિશામ બિન અબ્દુલ મલિકની હાજરીમા ઈમામ અલ-સજ્જાદ અલી ઝૈનુલ અબેદીન(અ.)ની શાનમા એક એવી શાનદાર કવિતા લખી કે જે આજે પણ મૌજૂદ અને પ્રખ્યાત છે. તેમની એ કવિતાની એક પંક્તિ ખુબ જ મશહુર છે મારી નઝરમાં તો તે નીચે મુજબ છે :

| | |
|---|---|
| لَولا التَشَهُّدُ كانَت لاءَهُ نَعَمُ | ما قالَ لا قَطُّ إلّا في تَشَهُّدِهِ |

(Farazdaq)

**અર્થ :**

એમના શબ્દ્કોષમા ક્યાય "ના" ન હતો. સિવાય કે તશહુદમા. તો આજ કારણો થી તેમણે શિઆ માનવામાં આવે છે.

**ફરઝદકની એક મશહુર શાયરીનું દ્રષ્ટાંત:**

એક વખત જયારે બની ઉમય્યાના ખલીફા વલીદ ઈબ્ને અબ્દિલ મલિક હજ કરવા આવ્યા હતા, ત્યારે તે ખાના એ કાબામાં હજરે અસ્વદ પાસે જઈને તેને ચુંબન ન આપી શક્યા કારણ કે ત્યાં લોકોની ખુબ જ ભીડ હતી. જયારે તે ત્યાં બેસીને લોકોની ભીડને ઓછી થવાની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે તેમણે હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન(અ.)ને હરમમાં દાખલ થતા જોયા. તેઓ સીધા હજરે અસ્વદ પાસે ગયા અને તેને ચુંબન આપી દીધુ. તેમને રસ્તો આપતા આપતા ભીડ બે ભાગમાં વહેંચાય ચુકી હતી એટલે ઈમામ (અ.) આસાનીથી હજરે અસ્વદને બોસો આપી શક્યા. વલીદને આ જોઈને ખુબ જ ઈર્ષા આવી અને પૂછવા લાગ્યો કે,"આ કોણ છે ?" જો કે તેમણે ઈમામ (અ.) ને ઓળખી લીધા હતા.

એવામા નજીકમા ઊભેલા ફરઝદક શાયર કે જેઓ શિઆ હતા. તેમણે વલીદની વાત સાભળી અને તેની ઉધતાઈ ને સહન ન કરી શક્યા. વલીદના સવાલના જવાબમાં તેમણે ઈમામ (અ.)ની શાનમાં એક શક્તિશાળી અને હચમચાવી નાખે તેવી એક કવિતાની રચના કરી અને તે કવિતાને "મીમીયા" કહેવામાં આવે છે. તે શાયરી આજે પણ મોજુદ છે અને તેને અરબી સાહિત્યના શાહકાર તરીકે ઓળખવામાં આવે છે.

તે શાયરીનો અમુક અંશ આ પ્રમાણે છે:

| | |
|---|---|
| هَذا الّذي تَعرِفُ البَطحاءُ وَطأَتَهُ | وَالبَيتُ يَعرِفُهُ وَالحِلُّ وَالحَرَمُ |
| هَذا التَقِيُّ النَقِيُّ الطاهِرُ العَلَمُ | هَذا ابْنُ خَيرِ عِبـــادِ اللهِ كُلِّهِمُ |
| إذا رأته قريشٌ قـــال قـــــــائلها | إلى مكـــارم هـــذا ينتهي الكـــرم |
| هَذا ابْنُ فَاطِمَةٍ إِن كُنتَ جاهِلَهُ | بِــجَدِّهِ أَنبِيـــاءُ اللهِ قَــد خُتِمـــوا |

(Farazdaq)

**તરજુમો:**
આ એ છે કે જેમના પદચિહ્નોથી રણ વાકેફ છે.
અલ્લાહનું ઘર, મક્કાનું હરમ અને તેની ફરતેની જગ્યા પણ વાકેફ છે.
આ અલ્લાહના સર્વશ્રેષ્ટ બંદાના ફરઝંદ છે.
આ પરહેઝગાર, પાક, માસુમ અને સૌથી મશહુર ઈન્સાન છે.
જો કુરેશનો કોઈ પણ માણસ તેમને જોશે તો કહેશે :
જુઓ! આ સખી ઉપર બધી સખાવતનો અંત આવી જાય છે.
આ ફાતેમાના ફરઝંદ છે, જો તમે ન જાણતા હો તો જાણી લો.
આમના દાદા ઉપર અલ્લાહે મુહરે નબુવ્વત લગાવી દીધી છે. ( દીનીયાત-૧૧ વર્ષ, તારીખ)

ફરઝદક ની આ કવિતા ખુબ જ મશહુર અને માઅરૂફ બની ગઈ. તેમના મોઢા માથી શબ્દ નહિ પરંતુ હીરા નીકળતા હતા. એનો મતલબ એ કે એમની ફસાહત અને બલાગત ઊંચા તબક્કા ની હતી.

**પુરી કવિતા અરબીની અંદર નીચે મુજબ છે:**

| | |
|---|---|
| يا سائلي : أين حل الجود والكرم | عندي بيـــان إذا طلابه قدمـــوا |
| هَذا الّذي تَعرِفُ البَطحاءُ وَطأَتَهُ | وَالـــبَيتُ يَعرِفُهُ وَالحِلُّ وَالحَــرَمُ |
| هَذا ابْـــنُ خَيرِ عِبـــادِ اللهِ كُلِّهِـمُ | هَذا التَقِيُّ النَقِيُّ الطاهِرُ الـــعَلَمُ |
| هَذا ابْنُ فَاطِمَةٍ إِن كُنتَ جاهِلَهُ | بِـــجَدِّهِ أَنبِياءُ اللهِ قَد خُتِمـــوا |
| وَلَيسَ قَولُـــكَ مَـــن هَذا بِضائِرِهِ | العُربُ تَعرِفُ مَن أَنكَرتَ وَ العَجَمُ |
| كِلتـا يَدَيهِ غِياثٌ عَـــمَّ نَفعُهُما | يُستَوكَـفانِ وَلا يَعروهُمـــا عَدَمُ |
| سَهلُ الخَليقَةِ لا تُخشى بـوادِرُهُ | يَزينُهُ اِثنانِ حُسنُ الخَلقِ وَ الشِيَمُ |
| حَمّالُ أَثقالِ أَقوامٍ إِذا اِفتُدِحوا | حُلوُ الشَمائِلِ تَحلـو عِندَهُ نَعَـمُ |

| | |
|---|---|
| مـــــا قالَ لا قَــطُّ إلّا في تَشَهُّدِهِ | لَــــولا التَشَهُّدُ كــانَت لاءَهُ نَــعَــمُ |
| عَمَّ البَرِيَّةَ بِالإحسانِ فَانقَشَعَت | عَنها الغَيــاهِبُ والإِملاقُ وَالــعَدَمُ |
| إذا رَأَتهُ قُــــــرَيشٌ قــالَ قــائِلُها | إلى مَكـــارِمِ هَـــــذا يَنتَهي الــكَرَمُ |
| يُغضِي حَياءً وَيُغضَى مِن مَهابَتِهِ | فَمــــــا يُكَلَّمُ إلّا حينَ يَتبسِــــــمُ |
| بِـــــكَــفِّهِ خَيزُرانٌ ريــحُهُ عَبِـــقٌ | مِن كَـــفِّ أَروَعَ في عِرنينِهِ شَـــمَمُ |
| يَكـــادُ يُمسِكُهُ عِرفــــانَ راحَتِـهِ | رُكنُ الحَطيمِ إِذا ما جاءَ يَستَلِــمُ |
| اللهُ شَــــــرَّفَهُ قِدمًا و عَـــــظَّمَهُ | جَرى بِذلكَ لَهُ في لَـــوحِهِ القَلَــمُ |
| من جدُّهُ دان فـضل الأنبياء له | وفـــضل أمته دانت له الأمـــــــم |
| من مَعشَرٍ حُبُّهمْ دينٌ،وبعضُهُم | كُفْرٌ، و قُرْبُهُم مَنجًي وَ مُعتَصَــم |
| مــقدم بــعد ذكر الله ذكرهم، | في كلّ بدءٍ، و مختومٌ به الكَلـــم |
| إنْ عُدّ أهْلُ التّقى كانــوا أئِمتَهمْ | أو قيل:(من خيرُ أهل الأرْض؟)قيل:هُم |

(Farazdaq, 2006)

**ફરઝદક શાયર ઉપર લખેલી કિતાબો :**

1. كتاب نقائص جرير و الفرزدق – لـ أبي عبيدة معمر بن المثنى البصري – المتوفي عام 2009 هـ.
2. كتاب نقائص جرير و الفرزدق – لـ عبد الملك بن قريب الأصمعي – المتوفي عام 216 هـ.
3. كتاب ديوان الفرزدق برواية – لـ أبي سعيد السكري - المتوفي عام 275 هـ.
4. كتاب أخبار الفرزدق – لـ أبي الحسن المدائني – المتوفي عام 225 هـ.
5. كتاب مناكح الفرزدق – لـ أبي الحسن المدائني – المتوفي عام 225 هـ.
6. كتاب نقائص جرير و الفرزدق – لـ ثعلب النحوي – المتوفي عام 291 هـ.
7. كتاب الفرزدق حياته و شعره – لـ محمد رضا مروَّة – مجيستر في لغة العربية و آدابها
8. كتاب شرح ديوان الفرزدق – لـ إيليا الياس الحاوي

**સમીક્ષા :**

ફરઝદક એક એવા શાયર હતા કે જેમની શાયરી અત્યારે પણ વાંચકોના મગજમા ગુંજી રહી છે. તેમની ભાષા પરની પકડ, લાગણીની તીવ્રતા અને વિચારોનો ઊંડાણ અત્યારે પણ અદ્દ્વિતિય રહ્યું છે. તેમના સમકાલીન શાયરોમાં તેમનું સ્થાન સર્વોચ્ચ રહ્યું છે. ટીકા ટીપ્પણીમા પણ તેમણે એક શાયર તરીકે તેમની કાર્યક્ષમતા પુરવાર કરી. તેમની ઘણી શાયરીઓમાં ઈમામોની પ્રશંશા કરી છે અને તમણે વાંચકોના હ્દયમાં કાયમી સ્થાન પ્રસ્થાપિત કર્યું છે.

**સંદર્ભ સૂચિ:**


(1) Diniyat 11th Year History, Publisher: Meher Library & Jafari Seminary.

(2) Al-Isfahani, Abu al-Faraj Ali. Kitab Al-Aghani. Gorgias Press, LLC, 2010.

(3) Farazdaq, Abu Firas Hammam Ibn Ghalib Ibn Sa'Sa'Ah. Diwan Al-Farazdaq. Turath For Solutions, 2013, https://books.google.co.in/books?id=zQvwzQEACAAJ&newbks=0&hl=en&source=newbks_fb&redir_esc=y.

(4) Islamic Literature Association. Satan's Satire Al-Farazdaq's Poetry. 2013, https://www.adabislami.org/magazine/2013/11/766/64.

(5) Zayyat, Ahmad Hasan. Tareekh-Ul-Adab Al-Arabi. 02 ed., Maktaba Ahsan, 2014.

(6) Al-Farazdaq. Diwan al-Farazdaq. Dar Sader, 2006.